# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-03-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગરહવેલી અને દમણ દીવની બે દિવસની મુલાકાતે
2) જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ કહ્યું , જળસંચયને પ્રોત્સાહન આપવા 50 લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાશે
3) વ્હાલી દીકરી યોજના અંતર્ગત રાજયની 2 લાખ 78 હજારથી વધુ દીકરીઓને લાભ અપાશે.
4) ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ શહેર અને જિલ્લા પ્રમુખોની નિમણૂક કરાઇ
5) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી-RRU એ ગાંધીનગર પોલીસ માટે દેશના પ્રથમ સ્માર્ટ સિટી પોલીસ પ્રોજેક્ટનો શુભારંભ કર્યો
6) રાજ્યમાં આજે અકસ્માતની અલગ અલગ ત્રણ ઘટનામાં 6 લોકોનાં મોત

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગરહવેલી અને દમણ દીવની મુલાકાત લેશે. તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ગુજરાતના સુરત , નવસારી અને દમણના સેલવાસમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. મુલાકાતના પ્રથમ દિવસે , શ્રી મોદી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના સેલવાસમાં 2 હજાર 587 કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

શ્રી મોદી સેલ્વાસમાં એક જાહેર સભાને સંબોધિત પણ કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી સુરત ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાન શરૂ કરવા માટે સુરત જશે. સુરતમાં લગભગ 2 લાખ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભ મળશે.

8 માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, શ્રી મોદી નવસારીમાં 'લખપતિ દીદી સંમેલન'માં હાજરી આપશે. પ્રધાનમંત્રી 25 હજારથી વધુ સ્વ-સહાય જૂથોની અઢી લાખ મહિલાઓને 450 કરોડ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ કરશે.

. . . . . . . . . . . . .

# VIDHANSBHA-KUVARJI

જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું કે ગુજરાતમાં જળસંચયને પ્રોત્સાહન આપવા ૫૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાશે. જળસંચય અંગેના બિન સરકારી સંકલ્પની ચર્ચામાં સહભાગી થતાશ્રી બાવળીયાએ જણાવ્યું કે સૂક્ષ્મ સિંચાઈથી પાણીનો કરકસરયુક્ત ઉપયોગ થશે અને જળસંચયના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવામાં વેગ મળશે. શ્રી બાવળીયાએ જણાવ્યું કે રાજ્યની પ્રજાએ વરસાદી પાણીના સંગ્રહ અને ઉપયોગથી ‘જળ એ જ જીવન ’ના સૂત્રને સાચા અર્થમાં ચરીતાર્થ કર્યું.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA PRAFUL PANSERIYA

વિધાનસભા ગૃહ ખાતે કચ્છ અને અમદાવાદ જિલ્લામાં વ્હાલી દીકરી યોજના અંગે પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વતી જવાબ આપતા મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે , આ યોજના અંતર્ગત રાજયની 2 લાખ 78 હજારથી વધુ દીકરીઓને લાભ અપાશે. કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 1 હજાર 120 અરજીઓ મંજુર કરાઇ છે.

આ ઉપરાંત અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આ યોજના હેઠળ 7 હજાર 434 લાભાર્થીઓને સહાય અપાઈ છે. શ્રી પાનસેરિયાએ ઉમેર્યું હતું કે , રાજ્યની પાત્રતા ધરાવતી દીકરીઓને રૂ. 1 લાખ 10 હજાર રૂપિયા ત્રણ હપ્તામાં DBT મારફતે ચૂકવાય છે. વ્હાલી દીકરી યોજના અંતર્ગત ૨ ઓગષ્ટ ૨૦૧૯ પછી પ્રથમ ત્રણ સંતાન પૈકીના તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળે છે.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે વિધાનસભા ગૃહમાં જણાવ્યું કે , રોજગાર કચેરીઓના માધ્યમથી રોજગારવાંચ્છુ યુવાઓને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં વર્ષ 2002થી સતત પ્રથમ રહ્યું છે. માત્ર છેલ્લા પાંચ વર્ષમાં જ ગુજરાતની રોજગાર કચેરીઓ દ્વારા 13 લાખ 86 હજારથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. પરિણામે ગુજરાતનો બેરોજગારી દર દેશમાં સૌથી ઓછો છે.

શ્રી રાજપૂતે ઉમેર્યું કે ખાનગી ઉત્પાદનલક્ષી એકમોમાં મેનેજર -સુપરવાઈઝરી કક્ષામાં 60 ટકા તેમજ કામદાર કક્ષામાં 85 ટકા મળી એકંદરે ઓછામાં ઓછી 85 ટકા રોજગારી સ્થાનિકોને આપવાની જોગવાઈ છે. દરેક જિલ્લામાં સ્થાનિક રોજગારીની ટકાવારી જળવાઈ રહે તે માટે સતત મોનિટરિંગ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

વિધાનસભામાં જુનાગઢ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અંતર્ગત પૂછાયેલા પ્રશ્નોનાં જવાબમાં રાજ્યના કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે આ યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં 2 હજાર 404 લાભાર્થીઓને સહાય ચૂકવાઈ છે.

શ્રી રાજપૂતે જણાવ્યું કે નાના પ્રકારના ધંધા રોજગાર કરતાં સમાજના નબળા વર્ગના વાર્ષિક છ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા કુટુંબો તેમની આવકમાં વધારો કરી શકે, તે માટે નાના પ્રકારના વેપાર-ધંધા કરવા માટે અલગ અલગ ૧૦ ટ્રેડમાં ઇ-વાઉચર પદ્ધતિથી સહાય આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીએ ઇ-કુટિર પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહે છે. જેની ચકાસણી બાદ મંજૂર થયેલી અરજીઓમાંથી ડ્રો કરીને પસંદગી કરવામાં આવે છે અને તેમને ઈ-વાઉચરના માધ્યમથી સહાય આપવામાં આવે છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . .

# DANTIVADA - KRUSHI UNIVERSITY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં બનાસકાંઠાના સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ૨૦મો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાયો હતો. જેમાં અલગ અલગ ક્ષેત્રમાં અભ્યાસ કરતાં ૧૧૧ વિદ્યાર્થીઓને અનુસ્નાતક તથા ૫૪ વિદ્યાર્થીઓને પી.એચ.ડી સહિત 463 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

કૃષિ મંત્રી રાઘવજી પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ જણાવ્યું હતું કે , વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલા જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ કરી કૃષિ અને કૃષિકારના સર્વાંગી વિકાસમાં સહભાગી થઈ સમાજ , રાજ્ય અને દેશ પ્રત્યેનું ઋણ તેમજ જવાબદારીઓ નિભાવવી જોઈએ. તો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

આ વિષે માહિતી આપી રહ્યા છે કૃષિ યુનિવર્સિટીના કુલપતિ..

(બાઇટ : ડૉ . આર. એમ. ચૌહાણ )

. . . . . . . . . . . . .

# HEALTH MoU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગ અને લાયન્સ ક્લબ્સ ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન વચ્ચે સમજૂતી કરાર MOU થયા . આ MOU અંતર્ગત લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ટી.બી.ના દર્દીઓ સાથે નિક્ષય મિત્ર તરીકે જોડાશે અને પોષણ કિટ પૂરી પાડીને ટી.બી.મુક્ત ભારતમાં યોગદાન આપશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પ્રયાસોમાં સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રતિબદ્ધતા ભળશે તો ટી.બી.મુક્ત ભારતની સંકલ્પના સાકાર થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# BJP PRAMUKH

ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે વિવિધ જિલ્લા અને શહેરના પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવી છે. રાજકોટ શહેર ભાજપ પ્રમુખ તરીકે માધવ દવે અને રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે અલ્પેશ ઢોલરીયાના નામ જાહેર કરાયા છે. નર્મદા જિલ્લા  ભાજપ પ્રમુખ તરીકે નીલ રાવની વરણી કરાઇ.

જામનગર શહેર ભાજપ અધ્યક્ષ તરીકે કોર્પોરેટર બીના કોઠારીના નામની જાહેરાત કરાઇ છે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ પદે યુવા મોરચાના પૂર્વ પ્રમુખ અતુલ કાનાણીની નિમણૂક કરાઇ છે. જ્યારે પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે રમેશ સિંધવને જવાબદારી સોંપાઈ છે. સુરેન્દ્રનગર જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે હિતેન્દ્રસિંહ ચૌહાણને રીપિટ કરાયા છે.

. . . . . . . . . . . . .

# RRU POLICE PROJECT

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી- RRU એ ગાંધીનગર પોલીસ માટે દેશના પ્રથમ સ્માર્ટ સિટી પોલીસ પ્રોજેક્ટનો શુભારંભ કર્યો. આ અંગે RRUના સંશોધન અધિકારી આદિત્ય પુરોહિતે જણાવ્યું કે, આ પ્રોજેક્ટથી ગાંધીનગર પોલીસને આધુનિક ટેકનોલોજી અને ડેટા-ડ્રિવન વ્યવસ્થાનો લાભ મળશે.

(બાઇટ: આદિત્ય પુરોહિત – સંશોધન અધિકારી)

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR – FIRE

સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં ગોડાઉનમાં આગ લગતા આશરે 50 હજાર કિલોથી વધુ મગફળીનો જથ્થો બળીને ખાખ થયો હતો. જેમાં કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનાં અહેવાલ છે. ઉલ્લેખનીય છે કે , ટેકાના ભાવે મગફળીની ખરીદી કરી અને એફસીઆઈના ગોડાઉનમાં મૂકવામાં આવી હતી.

ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવાયો. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

. . . . . . . . . . . . .

# AMC MULU BERA

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ અમદાવાદના પ્રહ્લાદનગર ખાતે કોમ્યુનિટી અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ કર્યું. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જાહેર ખાનગી ભાગીદારીમાં 2 હજાર સ્થાનિક વનસ્પતિની પ્રજાતિઓ સાથે 3 હજાર 200 વાર જગ્યામાં આ અર્બન ફોરેસ્ટ તૈયાર કરાયું છે.

આ ઉપરાંત સ્પાઇડર લીલી , મોગરો, જાસૂદ, ગ્રીન-ટી, ચીકુ, જાંબુ, જામફળ, કલ્પવૃક્ષ જેવા છોડ પણ રોપવામાં આવ્યા છે તથા પક્ષીઓ માટે સિંગાપુરી ચેરી પણ ઉગાડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# ACCIDENT

રાજ્યમાં આજે થયેલા જુદા-જુદા ત્રણ અકસ્માતમાં 6 લોકોનાં મોત થયા હતા. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા-માલવણ હાઇવે પર ટ્રેલર અને કાર વચ્ચે અકસ્માત થતાં ત્રણ વ્યક્તિના મોત થયા હતા. એક પરિવાર અમદાવાદથી ધાંગધ્રા પરત આવી રહ્યો હતો ત્યારે તેમની કાર અને ટેલર વચ્ચે હરીપર પાસે અકસ્માત સર્જાયો હતો. અમદાવાદના વાસણા બેરેજ નજીક એક કાર કેનાલમાં ખાબકતાં બે લોકોના મોત નિપજ્યાં હતા. જ્યારે એક યુવકની શોધખોળ કરાઇ રહી છે.

(બાઇટ: અમિત શાહ, ધારાસભ્ય)

બીજી તરફ, અમદાવાદના વિજય ચાર રસ્તા પાસે ખાનગી બસ અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બાઇકચાલકનું મોત નીપજ્યું હતું.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી 5 દિવસમાં તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ફરી એક વખત આંશિક ગરમીમાંથી રાહત મળ્યા બાદ લોકોને કાળજાળ ગરમીનો અનુભવ કરવો પડશે.

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા પણ વ્યક્ત કરાઇ છે.

આકાશવાણીને વધુ માહિતી આપતાં હવામાન વિભાગના નિયામક એ.કે. દાસે જણાવ્યું છે કે, આગામી 9 અને 10 માર્ચ દરમિયાન રાજ્યના સંપૂર્ણ દરિયાકાંઠાના વિસ્તારમાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

(બાઇટ : એ.કે. દાસ, નિયામક)

. . . . . . . . . . . . .